| Article Date | Headline / Summary | Publication |
|---|---|---|
| 20 Apr 2026 | Why more NRIs and OCIs are looking for health insurance in India | Prabhat |

# શા માટે વધુ એનઆરઆઈ અને ઓસીઆઈ લોકો ભારતમાં હેલ્થ ઈન્શ્યોરન્સ શોધી રહ્યા છે

**ભારતનો હેલ્થ કેર લાભ**

ભારતમાં વિશ્વભરમાં ૩.૫ કરોડથી વધુ વિદેશી ભારતીયો (એનઆરઆઈ અને ઓસીઆઈ) નો સૌથી મોટો સમુદાય છે, જેમાં સરળ, સસ્તી હેલ્થ કેરની માંગ વધી રહી છે. ભારત હવે ટોચના ૧૦ મેડિકલ ટુરિઝમ સ્થળોમાં સ્થાન ધરાવે છે, જે તેની પોસાય તેવી ક્ષમતા અને હેલ્થ કેર સિસ્ટમની તાકાત દર્શાવિ છે. ટોચના નિષ્ણાતો દ્વારા જટિલ સર્જરીથી લઈને ઍડવાન્સ્ડ ટેસ્ટ તથા ફરી તંદુરસ્ત થવા સુધી, ભારત વિદેશ કરતાં ખૂબ ઓછા ખર્ચે ટોચની હેલ્થ કેર સેવા પ્રદાન કરે છે.

પરંપરાગત દવા ઉપરાંત, ભારતે યોગ અને આયુષ ઉપચારો દ્વારા સર્વાંગી સુખાકારી માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે પણ પોતાનું સ્થાન બનાવ્યું છે, જે વ્યાપક સ્વાસ્થ્ય પરિણામો પ્રદાન કરવા માટે આધુનિક વિજ્ઞાન સાથે પરંપરાગત પ્રથાઓને એકીકૃત કરે છે.

**વૈશ્વિક સંદર્ભ**

યુએસએ, યુએઈ અને કેનેડા જેવા વિકસિત દેશોમાં હેલ્થ કેરનો ખર્ચ ખૂબ જ ઊંચો રહે છે. ભારતીય પ્રવાસી સમુદાયના સભ્યો માટે, એમ્પ્લોયર-પ્રાયોજિત ઈન્શ્યોરન્સ અથવા સરકારી કાર્યક્રમો આંશિક કવરેજ પ્રદાન કરી શકે છે, પરંતુ આ સ્કીમ મોટેભાગે મૂળ નિવાસી લોકો માટે ડિઝાઈન કરવામાં આવી છે. પરિણામે, વિદેશી ભારતીયોને ઘણીવાર ખિસ્સામાંથી નોંધપાત્ર ખર્ચ કરવો પડે છે. આ અંતર ભારતની હેલ્થ કેર સેવાઓના મહત્વ પર ભાર મૂકે છે, ફક્ત સારવાર માટેના સ્થળ તરીકે જ નહીં પરંતુ લાંબા ગાળાની આરોગ્ય સુરક્ષામાં વિશ્વસનીય ભાગીદાર તરીકે પણ.

**ભારતીય હેલ્થ ઈન્શ્યોરન્સના લાભો**

ભારતમાં પ્રવાસી ભારતીયોને હેલ્થ કેર સેવાઓનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવા માટે, ભારતીય ઈન્શ્યોરન્સ ઈન્ડસ્ટ્રીએ ખાસ કરીને



**અમરનાથ સક્સેના**
ચીફ ટેક્નિકલ ઑફિસર-કોમર્શિયલ, બજાજ જનરલ ઈન્શ્યોરન્સ લિમિટેડ

તેમના માટે તૈયાર કરેલા હેલ્થ ઈન્શ્યોરન્સ પ્લાન ઑફર કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ પ્લાનમાં વ્યાપક કવરેજનો સમાવેશ થાય છે, જે ભારતમાં રહેતા લોકો માટે જે ઉપલબ્ધ છે તેના જેવું જ છે. ઘણી ઈન્શ્યોરન્સ કંપનીઓ હવે લગભગ ૧૦%–૪૦% નું સ્પષ્ટ એનઆરઆઈ/ઓસીઆઈ ડિસ્કાઉન્ટ ઑફર કરે છે, પરંતુ ઘણીવાર નો ક્લેઈમ હિસ્ટ્રી અને એનઆરઈ ચુકવણી, એનઆરઆઈ ઘોષણા જેવા જરૂરી દસ્તાવેજોને આધિન હોય છે), તેથી ગ્રાહકે પ્રિન્ટને બારીકાઈથી વાંચવી જોઈએ અને તે મુજબ પ્લાન પસંદ કરવો જોઈએ.

ભારતની મુલાકાત લેનાર એનઆરઆઈ અને ઓસીઆઈ માટે, આવી પૉલિસી તેમના રોકાણ દરમિયાન હૉસ્પિટલમાં દાખલ થવા, સર્જરી કરવા અને આઉટપેશન્ટ કેર સહિતની વિવિધ તબીબી જરૂરિયાતો માટે ઈન્શ્યોરન્સ સપોર્ટ સહિત દેશમાં સારવારની સુવિધા આપે છે.

**સમગ્ર સારવાર પ્રક્રિયા દરમિયાન કવરેજ**

હેલ્થ ઈન્શ્યોરન્સ કવરેજ આજે મોટી બીમારીઓ માટે માત્ર હૉસ્પિટલમાં દાખલ થવા પૂરતું જ નથી. મોટાભાગની પૉલિસી સારવારના વિવિધ તબક્કાઓમાં સહાય પ્રદાન કરે છે, જેમાં નિદાન પરીક્ષણો, કન્સલ્ટેશન અને નિર્ધારિત દવાઓ જેવા હૉસ્પિટલાઈઝેશન પહેલાં અને પછીના ખર્ચનો સમાવેશ થાય છે. કવરેજમાં સામાન્ય રીતે સર્જરી અને ગંભીર સારવાર માટે ઈન-પેશન્ટ હૉસ્પિટલાઈઝેશનનો સમાવેશ થાય છે, જ્યારે મોતિયાની સર્જરી, કીમોથેરાપી અથવા ડાયાલિસિસ જેવી રાતભર હૉસ્પિટલમાં રહેવાની જરૂર ન હોય તેવી ડે-કેર પ્રક્રિયાઓના વધતા મહત્વને પણ માન્યતા આપવામાં આવે છે.

ઘણી પૉલિસી તબીબી સારવારમાં થયેલ પ્રગતિનો પણ સમાવેશ કરે છે, જેમાં રોબોટની મદદથી થયેલ અને ઓછી ચીર-ફાડવાળી સર્જિકલ પ્રક્રિયાઓ જેવી વિશિષ્ટ પ્રક્રિયાઓ શામેલ છે - જે પૉલિસીની શરતોને આધિન હોય છે. આ ઉપરાંત, અંગ દાતાના ખર્ચ, આયુષ હૉસ્પિટલમાં દાખલ થવા અને ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા જેવા ક્ષેત્રોમાં પણ નાણાંકીય સુરક્ષા વધારી શકાય છે.

પરિવારો માટે, કેટલીક પૉલિસીઓમાં પ્રસૂતિ સંબંધિત કવરેજ અને નવજાતની સંભાળ માટેના લાભો શામેલ હોઈ શકે છે. કેટલાક પ્લાન આઉટપેશન્ટ કન્સલ્ટેશન, નિદાન તપાસ અને ડૉક્ટર દ્વારા સૂચવેલ દવાઓ માટે પણ કવરેજ પ્રદાન કરે છે. એવી પરિસ્થિતિઓમાં જ્યાં ઘરે જ હૉસ્પિટલ-લેવલ કેરની જરૂર પડે છે, ત્યાં પૉલિસીની શરતોને આધિન, ડોમિસિલિયરી હૉસ્પિટલાઈઝેશન અને હોમ નર્સિંગ સપોર્ટ પણ શામેલ કરી શકાય છે.

આ ઉપરાંત, પૉલિસીની શરતો હેઠળ વ્યાખ્યાયિત સારવાર દરમિયાન ઉપયોગમાં લેવાતા પ્રોસ્થેટિક્સ, શ્રવણ સાધનો, વ્હીલચેર અને જરૂરી મેડિકલ કન્ઝ્યુમેબલ્સ જેવા તબીબી સહાય અને સહાયક ઉપકરણો માટે સપોર્ટ પ્રદાન કરી શકે છે. ઈન્શ્યોરન્સ કંપની વૈકલ્પિક ઍડ-ઑન કવર પણ ઑફર કરે છે જે પૉલિસીધારકોને તેમની જરૂરિયાતોના આધારે સુરક્ષા વધારવાની સુવિધા આપે છે, જેમ કે ક્રિટિકલ ઈલનેસ કવર અને પર્સનલ એક્સિડન્ટ પ્રોટેક્શન.

માર્કેટમાં સ્પષ્ટ પરિવર્તન દેખાઈ રહ્યું છે, હવે વધુ હેલ્થ પ્લાન અને રાઈડરમાં ઓપીડી લાભોનો સમાવેશ થઈ રહ્યો છે, જેમાં ડૉક્ટર કન્સલ્ટેશન, નિદાન અને દવાઓનો ખર્ચ શામેલ છે. આ પરિવર્તન ખાસ કરીને વિદેશી સમુદાય માટે મૂલ્યવાન છે, જેઓને ભારતમાં ટૂંકા રોકાણ દરમિયાન ઘણીવાર સુલભ સંભાળની જરૂર પડે છે; અને તાજેતરના વર્ષોમાં આને અપનાવવાનો દર ઝડપથી વધ્યો છે. સૌથી અગત્યનું, સાતત્ય લાભો - જેવા કે પહેલેથી હોય તેવી બીમારીઓ માટે વેટિંગ પીરિયડ, મેટરનિટી કેર અને પ્રીનેટલ કેર - પણ સુરક્ષિત રહે છે: જો તમે કાયમી ધોરણે ભારત પાછા ફરવાનું નક્કી કરો છો, તો તમારો વેટિંગ પીરિયડ પણ સુરક્ષિત રહે છે, જેનાથી તમને ફરીથી બધું શરૂ કર્યા વિના સતત રક્ષણ મળે છે.

ભારતીય ઈન્શ્યોરન્સ કંપનીઓ વૈશ્વિક ભારતીય સમુદાયને ખૂબ મહત્વ આપે છે અને તેઓને વિદેશમાં પોસાય તેવી હેલ્થ કેરને મેળવવામાં જે પડકારોનો સામનો કરવો પડે છે તે અંગે પણ વાકેફ છે. એનઆરઆઈ અને ઓસીઆઈને પ્રીમિયમ ડિસ્કાઉન્ટ આપવું એ માત્ર આર્થિક પ્રોત્સાહન જ નથી; તે સંભાળ, જોડાણ અને સમાવેશ માટે અમારી પ્રતિબદ્ધતા દર્શાવિ છે. હેલ્થ ઈન્શ્યોરન્સની સુલભતામાં સુધારો કરવાથી ભારતીયો અને ભારતના ઈકોસિસ્ટમ વચ્ચેના જોડાણને મજબૂત બનાવવામાં મદદ મળે છે, જે વિશ્વસ્તરીય હેલ્થ કેર સુરક્ષાની સુલભતા સુનિશ્ચિત કરે છે.